# "પામીશ લક્ષ્ય નક્કી, હિંમત છે ફેફસામાં, કપરાં ચઢાણ છે; પણ શ્રદ્ધેયતા હજી છે."

## સિંહ (મ.ટ.)



**ગ્રહોના ખેલને કારણે આ વર્ષ તમને વખતોવખત જીવન એક કોયડો હોવાનું અને તેને ઉકેલવાના પ્રયાસોમાં ક્યારેક રાહત અને ખુશી તથા ક્યારેક તણાવ અને અસફળતાનો અહેસાસ થાય. પરંતુ ધીરજ, મક્કમ મનોબળ અને સત્કર્મોની સહાયથી તમો નિર્ધારિત લક્ષ્ય હાસિલ કરી શકશો. યાદ રાખજો કે તમે આઠમા શનિની નાની અઢી વર્ષીય પનોતીની અસરમાં છો. શનિ કર્મફળ દાતા છે એટલે "કર ભલા તો હોગા ભલા."**

### જીવનનાં વિવિધ પાસાંઓ પર અસર

### માનસિક સ્થિતિ : વ્યગ્રતા રહે

આપની માનસિક સ્થિતિની વાત કરીએ તો હેપ્પીનેસનો ઈંડેક્સ લો લેવલ પર રહેશે. શનિ આઠમા ભાવમાં માનસિક તણાવ અને શારીરિક થાક લાવી શકે. રાહુ સાતમા ભાવમાં અને કેતુ પ્રથમ ભાવમાં અસ્થિરતા અને નિર્ણયોમાં મૂંઝવણ ઊભી કરી શકે છે. ભાગીદારી અને દાંપત્યજીવનમાં ખટરાગ ઊભો થાય. ગુરુનું બારમા ભાવમાં ગોચર 1 જૂન: 2026થી વર્ષના અંત સુધીના કાળખંડમાં વાયરલ ઇન્ફેક્શન સંબંધિત બીમારીઓથી સાચવવું.

### આરોગ્ય : નબળું રહે

આરોગ્યની દૃષ્ટિએ આ વર્ષ નબળું રહેશે. અલબત્ત, ગુરુનું મિથુનમાં ગોચર (ડિસેમ્બર 2025 થી જૂન 2026) આરોગ્યને સ્થિર રાખશે. પરંતુ, જૂન 2026 પછી ગુરુનું કર્કમાં (બારમા ભાવમાં) **પ્રવેશ વર્ષના અંત સુધી આપ એક યા બીજી નાની-મોટી બીમારીઓના ચક્કરમાં અટવાયેલા રહેશો.** પથારીવશ રહેવાની યા હોસ્પિટલાઇઝેશનની શક્યતા પણ ઊભી થાય. શનિ આઠમા ભાવમાં સાંધાનો દુખાવો, પેટની સમસ્યાઓ અથવા થાક જેવી બાબતો લાવી શકે . રાહુ સાતમા ભાવમાં માનસિક તણાવ અને અજ્ઞાત રોગોનું જોખમ વધી શકે. કેતુ પ્રથમ ભાવમાં ત્વચા અથવા નર્વસ સિસ્ટમની સમસ્યાઓ લાવી શકે. નિયમિત યોગ, સંતુલિત આહાર અને વખતોવખત મેડિકલ ચેકઅપ જરૂરી છે.

### વ્યાપાર-ધંધો : ઉતાર-ચડાવ રહે

વર્ષ ઉતાર-ચઢાવથી ભરેલું રહેશે. ગુરુ અગિયારમા ભાવમાં (ડિસેમ્બર-2025 થી જૂન-2026) વ્યાપાર-ધંધામાં વિકાસ થાય. જૂન 2026 પછી બારમા ભાવમાં આપનો ગુરુ વ્યાપાર-ધંધામાં રૂકાવટો ઊભી કરે. આપના ગ્રાહકો અન્યને મળી જતાં હોય એમ લાગે. મોટા દેવા ઊભા કરવા નહીં. શનિનું આઠમા ભાવમાં ભ્રમણ મહેનત વધારશે અને મહેનતના પ્રમાણમાં વળતર ઓછું મળશે. વર્ષ દરમિયાન રાહુનું નવમા ભાવમાં ગોચર ભાગીદારીમાં ધંધો હોય તો ભાગીદારો સાથે મતભેદ કરાવી શકે. **ઉતાવળમાં નિર્ણયો લેવાનું ટાળો અને પાર્ટનરશિપમાં સાવધાની રાખો.**

### નોકરી : અશાંતિ અને અસંતોષ

વર્ષ દરમિયાન શનિ અને રાહુની પ્રતિકૂળતાને કારણે નોકરીમાં અશાંતિ જેવું રહે. તમારા પર્ફોર્મન્સથી તમારા ઉપરી અધિકારીઓને અસંતોષ રહે અને તમને તમારી નોકરી અને ઉપરી અધિકારીઓના વર્તાવમાં અસંતોષ રહે. તમારી ઓફિસમાં જ તમારા હિતશત્રુઓના રાજકારણનો તમારે ભોગ બનવું પડે. જો કે જૂન-2026 થી વર્ષના અંત સુધીના સમયગાળા દરમિયાન વિદેશી કંપનીઓમાં જોડાવાનો મોકો મળે. વાણીમાં સંયમ અને કામકાજમાં ચોકસાઇ જાળવવા.

### નાણાંકીય સ્થિતિ : બજેટ બનાવીને ચાલો

નાણાંકીય દ્રષ્ટિએ વર્ષ મધ્યમ. ગુરુ અગિયારમા ભાવમાં આવકના નવા સ્ત્રોત અને બચતમાં વધારો કરે. જૂન 2026 પછી બારમા ભાવમાં ખર્ચ વધી શકે. **શનિ આઠમા ભાવમાં અચાનક ખર્ચ, ખાસ કરીને આરોગ્ય અથવા કાનૂની બાબતોમાં, લાવી શકે છે.** રાહુ સાતમા ભાવમાં નાણાંકીય પાર્ટનરશિપમાં અસ્થિરતા લાવશે, જેમ કે લોન કે રોકાણમાં જોખમ. બજેટ બનાવીને ચાલો અને શેરબજારમાં મોટું રોકાણ ટાળો.

### પ્રેમ અને પારિવારિક જીવન :

### ખુલ્લી વાતચીત કરો, ધીરજ જાળવો

જીવનસાથી સાથે વખતોવખત મતભેદ અને વિવાદો થયા કરે. મતભેદ મનભેદ




ન બની જાય કે ગંભીર સ્વરૂપ ન લે તેની કાળજી રાખવી. **શનિ આઠમા ભાવમાં ગેરસમજણો અને તણાવ લાવી શકે.** રાહુ સાતમા ભાવમાં લગ્નેતર સંબંધોની શક્યતા તથા લગ્નજીવનમાં ઘર્ષણ સૂચવે છે. સ્પષ્ટ વાતચીત અને ધીરજથી પ્રશ્નો ઉકેલશો. અવિવાહિતોને ગુરુના મિથુન રાશિમાં ભ્રમણ દરમ્યાન (5 મી ડિસેમ્બર: 2025 થી 1 લી જૂન : 2026) પ્રેમ સંબંધો આકાર લેવાની શક્યતા છે.

### શિક્ષણ : નિયમિત અભ્યાસ અને શિક્ષકોની સલાહ અનુસરો

શિક્ષણની દૃષ્ટિએ વર્ષ અનુકૂળ રહે. ગુરુ અગિયારમા ભાવમાં (ડિસેમ્બર 2025 થી જૂન 2026) ઉચ્ચ શિક્ષણ અને પરીક્ષાઓમાં સફળતા અપાવે. જૂન 2026 પછી બારમા ભાવમાં વિદેશી શિક્ષણની તકો વધશે. શનિ આઠમા ભાવમાં મહેનત વધારશે. લાંબા ગાળે સફળતા અપાવશે. રાહુ સાતમા ભાવમાં વિદેશી અથવા અન્વેષણાત્મક વિષયોમાં રસ વધારશે. કેતુ પ્રથમ ભાવમાં એકાગ્રતા ઘટાડી શકે છે. નિયમિત અભ્યાસ અને રીવીઝન કરતાં રહો તથા શિક્ષકોની સલાહ અનુસરો.

### કોર્ટ મેટર્સ : સારા વકીલની સલાહ લેવી

ગુરુ અગિયારમા ભાવમાં કોર્ટમાં ન્યાય અને લાભ આપશે. શનિ આઠમા ભાવમાં વિલંબ કરાવે અને મહેનત વધારશે. રાહુ સાતમા ભાવમાં અચાનક ટ્વિસ્ટ અથવા વિરોધી પક્ષનાં ષડયંત્રો લાવી શકે છે. સારા વકીલની સલાહ લો.

### સરકારી કામકાજ :

### સરકારી નોકરી અને કામોમાં સફળતા મળશે

સરકારી કોન્ટ્રાક્ટમાં તેમજ ટેન્ડરોમાં તકો મળશે પરંતુ પરિણામ મળવામાં અને પેમેન્ટ ક્લિયર થવામાં વિલંબ થઈ શકે. ખોટા ખર્ચ પણ થઈ શકે.

### પ્રવાસઃ આરોગ્ય સાચવવું

ગુરુ બારમા ભાવમાં (જૂન 2026 પછી) હોવાથી વ્યવસાય અથવા શિક્ષણ માટે વિદેશી પ્રવાસની તકો વધારશે. શનિ આઠમા ભાવમાં પ્રવાસમાં થાક અથવા અડચણો લાવી શકે છે. રાહુ સાતમા ભાવમાં અચાનક વિદેશી પ્રવાસની તકો આપશે પરંતુ ટ્રાવેલિંગમાં હાડમારી રહે. પ્રવાસ પહેલાં અને દરમ્યાન આરોગ્ય સાચવવું.

### સ્ટોક માર્કેટ : લાભ થઈ શકે

ગુરુ લાંબા ગાળાનાં રોકાણોમાં લાભ આપશે. ખાસ કરીને વિદેશી સ્ટોક્સમાં શનિ વિલંબિત અને અપેક્ષાથી ઓછો લાભ આપશે. રાહુ સાતમા ભાવમાં સ્પેક્યુલેટિવ ટ્રેડિંગમાં વધઘટ લાવશે. નિષ્ણાતની સલાહ લો. ખોટાં સાહસો, સટ્ટાકીય ટ્રેડિંગ ટાળો.

**શીર્ષકપંક્તિ : સુનીલ શાહ**

## મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

**શનિની અસર** : શનિ આખું વર્ષ મીન રાશિમાં (આઠમા ભાવમાં) રહેશે. એટલે કે આપને શનિની અઢી વર્ષની નાની પનોતી રહેશે. સમયગાળા દરમિયાન સાંધા અને પેટની બીમારીઓ ઉદ્ભવી શકે છે. કરિયરમાં જવાબદારી અને મહેનત વધશે અને કોર્ટ-સરકારી બાબતોમાં વિલંબ થઈ શકે છે. નાણાંકીય બાબતોમાં અચાનક ખર્ચ અથવા નુકસાનનું જોખમ રહેશે. ફેફસાની, ત્વચાની અને આંખની તકલીફો ઊભી થઈ શકે. **શનિ શિસ્તબદ્ધ કાર્યથી લાંબા ગાળે સફળતા અપાવશે પરંતુ ધીરજ અને ખંત જરૂરી**.

**ગુરુની અસર** : ડિસેમ્બર 2025 થી જૂન 2026 સુધી ગુરુ મિથુન રાશિમાં (અગિયારમા ભાવમાં) રહેશે, અગિયારમા ભાવમાં ગુરુ હોય તો જાતકને વિદ્વાન, ધનવાન અને સમૃદ્ધિવાન બનાવે છે એવું ભૃગુસૂત્રમનું કથન છે. જાહેર જીવનમાં અને સામાજિક જીવનમાં પણ પ્રતિષ્ઠા આપે. નાણાંકીય લાભ આપશે. જૂન 2026 પછી ગુરુ કર્ક રાશિમાં (બારમા ભાવમાં) પ્રવેશે, વિદેશી પ્રવાસ અને આધ્યાત્મિક વિકાસની તકો વધારશે. પરંતુ શુભ બાબતો અને પરોપકારની પ્રવૃત્તિ પાછળ ખર્ચ વધારી શકે છે. વિદેશી પ્રવાસ, વિદેશમાં નોકરી કે અભ્યાસની તકો મળી શકે છે.

**રાહુની અસર** : રાહુ કુંભ રાશિમાં (સાતમા ભાવમાં) રહેશે. લગ્નજીવનમાં અને પાર્ટનરશિપમાં ગેરસમજો અને સમસ્યાઓ ઊભી કરી શકે. **લગ્નેતર સંબંધોથી બચવું**. અન્યથા સમાજમાં બદનામી થઈ શકે. પ્રવાસમાં કષ્ટ રહે.